# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-09-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

---

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# VIDHANSABHA QUESTIONNAIRE

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રનો આજે છેલ્લો દિવસ છે. આજે પ્રશ્નોતરી કાળમાં વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે ગુજરાતમાં 7.5 ગીગાવોટ ડેટા સેન્ટર ક્ષમતા ઉભી કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ડેટા સેન્ટર અંગે પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું, ડેટા સેન્ટર ક્ષેત્રે 17 લાખ કરોડથી વધુના રોકાણની સંભાવના છે. તેમણે ઉમેર્યું કે દીવ, ચોરવાડ, પોરબંદર, સુરત અને ધોલેરામાં સબમરીન કેબલ લેન્ડિંગ સ્ટેશન બનાવવાની પણ યોજના છે. તેમણે હરિત ઉર્જા ક્ષેત્રે ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે હોવાનો દાવો કર્યો છે.

દરમિયાન એક પ્રશ્નના જવાબમાં નાગરિક પુરવઠા રમણભાઈ સોલંકીએ કહ્યું, રાજ્યમાં 97 ટકા રાશનકાર્ડનું E-KYC પૂર્ણ થઈ ગયું છે.

# VIDHANSABHA TODAY

વિધાનસભા ગૃહમાં આજે ઉદ્યોગ રાજ્યમંત્રી જયરામ ગામીતે ગુજરાત ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ વિધેયક-2026 રજૂ કર્યું. સરકારના જણાવ્યા મુજબ નવા કાયદાનો હેતુ બિઝનેસ માટેની બિનજરૂરી પ્રક્રિયાઓ અને કાયદાકીય જટિલતા ઘટાડવાનો છે. તે માટે પાંચ હયાત કાયદાઓમાં સુધારા કરવામાં આવશે. જેમાં ગુજરાત મેડિકલ કાઉન્સિલ એક્ટ, ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ એક્ટ, રાઈટ ઓફ સિટીઝન્સ ટુ પબ્લિક સર્વિસીસ એક્ટ, શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ્સ એક્ટ અને MSME એક્ટનો સમાવેશ થાય છે. સરકારનો દાવો છે કે અલગ-અલગ કાયદાઓ હેઠળની જટિલ પ્રક્રિયા સરળ બનશે અને નવા ઉદ્યોગ-સાહસો શરૂ કરવામાં વેપારીઓ તથા ઉદ્યોગકારોને સરળતા મળશે.

# RUSHIKESH PATEL ON RAIN SITUATION

**રાજ્યમાં વરસાદની ઘટ મામલે સરકાર ચિંતિત છે. ગાંધીનગરમાં વિધાનસભા પરિસરમાં પત્રકારો સાથેની વાતચીતમાં કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ કહ્યું, રાજ્યમાં ખેડૂતોની સ્થિતિ અંગે સતત સમીક્ષા કરવામાં આવી રહી છે. જરૂર પ્રમાણેના પાણીનો સંગ્રહ કરી, જ્યાં આપવાનું હોય ત્યાં અપાઈ રહ્યું છે. ચોમાસું પૂરું થતાની સાથે જ નિયમ મુજબની કાર્યવાહી કરાશે તેમ પણ કેબિનેટ મંત્રીએ ઉમેર્યું.**

**(BYTE: RUSHIKESH PATEL, CABINET MINISTER)**

*("જો બરસાદ કા સમય અવધિ હૈ, વો અવધિ મેં બરસાદ નહીં આયા ઇસકે હિસાબ સે સરકાર ને જો જો કદમ ઉઠાને થે વો ઉઠાયે હૈ। પશુધન વો ફાર્મર કે લિયે, કિસાન કે લિયે બહોત મહત્વપૂર્ણ હૈ। પશુધન કો ભી ઘાસચારા કી વ્યવસ્થા, જહાં પર બોરિંગ્સ હૈ, વેલ્સ હૈ ઓર સાથે મેં તાલાબોં મેં નર્મદા કમાન્ડ એરિયા સે જો તાલાબ ભરે ગયે, વહી સે ભી ઇરિગેશન કી વ્યવસ્થાએં સરકાર ને કી હૈ। ઉસમેં ભી બિજલી કી વ્યવસ્થા, દો ઘંટે જ્યાદા બિજલી દેકે ખરીફ પાક કો બચાને કે લિયે સરકાર ને પૂરી વ્યવસ્થા કી હૈ।")*

# MEHSANA NARMADA

મહેસાણા જિલ્લાના ખેરાલુ અને સતલાસણા તાલુકાના 29 તળાવો નર્મદાના નીરથી છલકાશે. 317 કરોડ રૂપિયાની યોજનાથી સતલાસણાના ભીમપુર ખાતે વરસગ તળાવમાં નર્મદાનું પાણી આવી જતા ખેડૂતોમાં આનંદ છવાયો છે. વર્ષોથી સિંચાઈના પાણીની અછતનો સામનો કરતા ખેડૂતોમાં રાહત થઈ છે. હવે સિંચાઈની સાથે આ વિસ્તારના ભૂગર્ભ જળસ્તરમાં વધારો પણ થશે.

# GNR VAN SHAHID DIVAS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે રાષ્ટ્રીય વન શહીદ દિવસ નિમિત્તે વીર વન શહીદોને શ્રદ્ધાંજલિ આપી. સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે કહ્યું, ગુજરાતની સમૃદ્ધ વન્યસૃષ્ટિના રક્ષણ અર્થે પોતાના કર્તવ્યપથ પર અડીખમ રહીને વીરગતિ પામેલા પ્રત્યેક વનકર્મીનું સમર્પણ અવિસ્મરણીય છે. વન અને પર્યાવરણનું જતન એ જ આ અમર શહીદે પ્રત્યેની સાચી શ્રદ્ધાંજલિ છે.

દરમિયાન ગાંધીનગરમાં આજે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ વન શહીદના પરિવારને 50 લાખ રૂપિયાનું બેનિવૉલન્ટ ફંડ અને વન્યપ્રાણી ઘર્ષણમાં ઈજાગ્રસ્ત વનકર્મીઓનું સન્માન કરીને બે લાખ રૂપિયાની સહાયના ચેક અર્પણ કર્યા. ઉપરાંત શ્રી પટેલે વન શહીદ સ્મારક ખાતે વન અને વન્યજીવોની સુરક્ષા માટે શહીદ થયેલા વનવિભાગના 11 જેટલા વનકર્મીને ભાવાંજલિ અર્પણ કરી. આ અંગે અગ્રમુખ્ય વન સંરક્ષક અને હેડ ઑફ ફૉરેસ્ટ ફોર્સ ડૉક્ટર જયપાલ સિંહે વધુ માહિતી આપી.

**(BYTE: DR. JAIPAL SINGH, PRINCIPAL CHIEF CONSERVATOR OF FOREST)**

*("આજ રોજ ખાસ કરીને જે વિકાસ દેસાઈ રેન્જ ફોરેસ્ટ ઓફિસર, આ જ વર્ષમાં જુલાઈ મહિનામાં એ ખેરની તસ્કરીમાં એક ગાડી જે જતી હતી એનો પીછો કરતો હતો અને ત્યારે એનું દુખદ મૃત્યુ થયેલ, ત્યારે એના માટે રાજ્ય સરકારે ૫૦ લાખ રૂપિયાની આજે સહાય પણ આપી છે અને પરિવારને ખૂબ સહાયરૂપ થવા માટે માનનીય મુખ્યમંત્રી શ્રી દ્વારા એ ચિંતા પણ વ્યક્ત કરી છે.")*

# CM SAINIK DECISION

સૈનિકો તેમજ શહીદોની વિધવાઓએ મિલકત વેરો ભરવાનો રહેશે નહીં. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરેલા આ નિર્ણય અનુસાર ગામડામાં ઘર ધરાવતા જવાનોને 'મિલકત વેરા'માંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે. રાજ્ય સરકારે 'ગુજરાત ગ્રામ અને નગર પંચાયતો કર અને ફી નિયમો, 1964'માં સુધારો કરીને ફરજ બજાવતા સંરક્ષણ દળોના વર્તમાન જવાનો, તેમના જીવનસાથી, ભૂતપૂર્વ સૈનિકો અને શહીદ જવાનોની વિધવાઓના પોતાના રહેણાંક મકાનને 'પંચાયત કર'માંથી મુક્તિ આપવાની જોગવાઈ કરી છે. જેનાથી ફરજ બજાવતા સૈનિકો, ભૂતપૂર્વ સૈનિકો અને શહીદોની વિધવાઓને આર્થિક રાહત મળશે.